**<u>ક્રિ.કે.નંબર :– ૬૫૮૦૩/ ૨૦૨૩ નું સાંધણ.</u>**

(૧). આ કામે હાલના આરોપી વિરૂઘ્ધમાં ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબનો ગુનો દાખલ થયેલ છે. આરોપી વિરૂઘ્ધ એવો આક્ષેપ છે કે, આરોપી એ ચાર્જશીટમાં જણાવેલ વિગતે પોતાનું સાધન ઉભું રાખીને આવતા જતા રાહદારી/ટ્રાફીકને અડચણ થાય તે રીતનો ગુનો આચરેલ છે.

(૨). આજરોજ રેગ્યુલર લોક અદાલત છે, અને સ્પેશીયલ સીટીંગનાં કેસો રાખેલ છે. આરોપીએ આજરોજ હાજર થઈ કબુલાતની પુરશીષ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા માટે બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરશીષનો ઉપયોગ તેમની વિરૂઘ્ધમાં પુરાવો તરીકે કરી યોગ્ય તે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩). આરોપીને સજા બાબતે પુછતાં આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે અને ગુનો બદલ તેમને પસ્તાવો થાય છે અને આરોપી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો કરશે નહી તેમજ આરોપીએ આવા પ્રકારનો કોઈ ગુનો અગાઉ કરેલ નથી જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારે છે. તેમજ વધુ સજા નહી કરતાં ઓછી સજા કરવા વિનંતી કરે છે. આમ આ તમામ હકીકતો ઘ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુ ક મ :::</u>**

આરોપીને ઈ.પી.કો. કલમ–૨૮૩ ના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૫ (પાંચ) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૫/૦૭/૨૦૨૩

**(એચ.એસ.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
જજ કોડ નં.જી.જે.૦૦૬૯૩